# પેપરના ગોડાઉનમાં ભીષણ આગથી ધુમાડાના ગોટેગોટા ઉડ્યા

**વેસ્મા** ગામે ગોડાઉનમાં આગ લાગતા આજુબાજુના વિસ્તારમાં અફરાતફરી મચી

**આગ** વિકરાળ હોવાથી નવસારી, સુરત અને બારડોલી ફાયર બ્રિગેડને જાણ કરાઈ



નવસારી : વેસ્મા ગામે પેપરના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા ગોટેગોટા ઉડ્યા હતા. જેના પગલે આજુબાજુના વિસ્તારમાં અફરા-તફરી મચી જવા પામી હતી. જોકે ફાયર બ્રિગેડની ટીમોએ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી.

જલાલપોર તાલુકાના વેસ્મા ગામની સીમમાં ફેરડીલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં પેપરનું ગોડાઉન આવ્યું છે. જે પેપરના ગોડાઉનમાં આગ લાગી હતી. તે સમયે ગોડાઉનમાં પેપરના ઘણા બધા રોલ હોવાથી તે પેપર રોલમાં આગ લાગી ગઈ હતી. થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા હવામાં આગના ગોટેગોટા ઉડી રહ્યા હતા. જેના પગલે આજુબાજુના વિસ્તારોમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાને પગલે ફાયર બ્રિગેડની ટીમને જાણ કરી હતી. પરંતુ આગ વિકરાળ હોવાથી નવસારી ફાયર બ્રિગેડ સહીત સુરત ફાયર બ્રિગેડ અને બારડોલી ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. જેથી ત્રણ ફાયર બ્રિગેડની ટીમે આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે આ ઘટનામાં કોઈ જાનહાની ન થતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

## બીલીમોરાના એપાર્ટમેન્ટની ઇલેક્ટ્રિક લાઈનમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી

બીલીમોરા : બીલીમોરા પશ્ચિમ વિસ્તારમાં સ્ટેશન જવાહર માર્ગ ઉપર આવેલા લક્ષ્મી પેલેસ એપાર્ટમેન્ટમાં પાછળના ભાગે ઇલેક્ટ્રિક લાઈનમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. ધુમાડો દેખાતા બિલ્ડીંગના રહીશોમાં ગભરાટ ફેલાયો હતો. બુમાબુમ થતાં બિલ્ડીંગના પ્રમુખ એડવોકેટ યોગેશ ભીલારેએ તુરંત જ ફાયર એક્સટિંગ્વિશરથી મારો ચલાવ્યો હતો. તેમજ ફાયર અને જીઈબી તુરંત ઘટના સ્થળે આવી આગને કાબુમાં લેતાં મોટી હોનારત ટળી હતી. ઘટનાને પગલે થોડી વાર માટે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી હતી. પરંતુ આગ કાબુમાં આવતા સૌએ હાશકારો અનુભવ્યો હતો.

## વાપીની કંપનીમાં મોડી રાત્રે આગ ભભૂકી



વાપી : વાપી જીઆઈડીસીના સેકેન્ડ ફેઝમાં આવેલી આર.વી.એન્ટરપ્રાઈઝ કંપનીમાં ગઈકાલે રાત્રે આગનો બનાવ બન્યો હતો. આગની જાણ થતાં ફાયર ફાઈટરોની 6 ટીમે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. વાપી જીઆઈડીસીની આર.વી.એન્ટરપ્રાઈઝ કંપનીમાં મંગળવારે રાત્રે આગ લાગતા સંચાલકો અને કામદારોમાં ભાગદોડ મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. બનાવ સ્થળે વાપી જીઆઈડીસી નોટિફાઈડ યુનિટ-1-2 થી 3, વાપી મનપા-1 તથા ખાનગી કંપનીની રાધામાધવ અને દમણગંગા ઈન્ડસ્ટ્રીયલ મળી કુલ 6 ફાયર ફાઈટરોની ટીમે પહોંચી પાણીનો મારો ચલાવી ત્રણેક કલાકની આસપાસ આગ પર કાબુ મેળવી લીધો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. કંપનીમાં લાગેલી આગ પર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવ્યો હતો જે પાણીનું મિશ્રણ કંપનીમાં રાખેલા કોઈક પદાર્થ સાથે ભળી જતા સફેદ રંગવાળું પાણી વહેતું નજરે પડ્યું હતું.

## હાઇવે પર જીવના જોખમે કાર ઉપર બેસીને સ્ટંટ કરતો યુવાન



વલસાડ : વલસાડના પારનેરા હાઇવે ઉપર એક કાર પર જીવના જોખમે એક યુવાન બેસીને રીલ્સ બનાવતો હોય એ રીતનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસે તપાસ હાથ ધરી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વલસાડ જિલ્લામાં રાતોરાત ફેમસ થવા માટે કેટલાક યુવાનો જીવના જોખમે રિલ્સ બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરતા હોય છે. રિલ્સ બનાવવામાં પાપાની પરીઓ પણ પાછળ નથી રહી, એ લોકો પણ નીતનવા કપડાં પહેરીને રીલ્સ બનાવતા હોય છે. વલસાડના પારનેરા નેશનલ હાઇવે નં.48 ઉપર એક યુવાન જીવના જોખમે કાર ઉપર બેસીને સ્ટંટ કરી રહ્યો છે. જે વીડિયો હાઇવે ઉપર પસાર થતા એક કાર ચાલકે પોતાના મોબાઈલમાં કેદ કર્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે ચર્ચા થઈ રહી છે. જે વીડિયો પોલીસ કર્મચારી પાસે પહોંચતા તેઓએ કારનો નંબર લઈને સ્ટંટ કરનારને પકડવાની તપાસ હાથ ધરી છે.

# વલસાડ શાકભાજી માર્કેટમાં લાયસન્સ વિના ચાલતી દુકાન પાલિકાએ સીલ કરી

**લાયસન્સ** ઉપરાંત ઘણા વર્ષોથી વેરો પણ નહીં ભરતા પાલિકાની કાર્યવાહી




વલસાડ : વલસાડના શાકભાજી માર્કેટમાં ન્યુ હોલસેલ કટલરીની દુકાન છેલ્લા ઘણા સમયથી લાયસન્સ વિના ચાલતી હોય અને તેનો વેરો પણ બાકી હોય જેને લઈને વલસાડ નગર પાલિકાની ટીમે આજરોજ દુકાન સીલ કરી દેતા અન્ય દુકાનદારોમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

વલસાડ નગરપાલિકામાં માર્ચ એન્ડિંગને લઈને કેટલાક દુકાનદારોનો વેરો બાકી છે. પાલિકા હાઉસ ટેક્સની ટીમો દ્વારા દુકાનો સીલ કરવામાં આવી રહી છે. પાલિકાના હાઉસ ટેક સુપરિન્ટેન્ડન્ટ રમણ રાઠોડ એમની ટીમ સાથે વલસાડ શાકભાજી માર્કેટમાં જેમના વેરો બાકી હોય તેમની દુકાનો સીલ કરવા માટે નીકળ્યા હતા. એ દરમિયાન શાકભાજી માર્કેટમાં આવેલી ન્યુ હોલસેલ કટલરી બજાર નામની દુકાન ચલાવવા માટે લાયસન્સ પણ ન હતું અને છેલ્લા ઘણા વર્ષોથી એમનો વેરો પણ ન ભર્યો હતો. જેથી એમના પર લાઈસન્સ માંગણી કરતા લાયસન્સ ન હોય ને વેરો પણ ભરેલો ન હોય ગેરકાયદે રીતે દુકાન ચલાવતો હોય પાલિકાની ટીમ દ્વારા આ દુકાન સીલ કરી દેવામાં આવી હતી.

# ઉમરગામના તૂંબ ગામમાં જમીનનો ખોટો વેચાણ દસ્તાવેજ બનાવવાના કેસમાં આરોપીના જામીન રદ

વાપી : ઉમરગામના તૂંબ ગામે જમીન માલિકના નામે ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી છેતરપિંડી કરવાના ગુનામાં સામેલ એક આરોપીએ જામીન મુક્ત થવા વાપીની ત્રીજી એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં અરજી કરી હતી.

સરકારી વકીલ રાકેશ ચાંપાનેરીની દલીલોને ગ્રાહ્ય રાખી જજ પુષ્પાબેન સૈનીએ આરોપીની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

ઉમરગામના તુંબ ગામે ખાતા નં. 154 જેને નવો સર્વે નં.685 વાળી જમીનના વારસદાર મહેરનોશ જહાંગીર હુમરનવાલાના પિતા જહાંગીર મચેરશા વાંકડીયાની માલિકીનની જમીનનો ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરવાના ગુનામાં વિશાલ અશોક લોરે સહિત અન્ય 4 આરોપી સંડાવાયા છે. આ કેસમાં ઉમરગામ પોલીસે આરોપી વિશાલ અશોક લોરેની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો હતો. વિશાલ લોરેએ જેલમાંથી મુક્ત થવા કરેલી જામીન અરજી વાપી કોર્ટે ફગાવી દીધી હતી.

# કપરાડાના ઘોટવળ ગામમાં બે સંતાનની માતાનો કૂવામાં કૂદી આપઘાત

**બે સંતાનની** ગર્ભવતી માતાએ તબિયત બગડ્યા બાદ કૂવામાં કૂદી મોતને વહાલું કર્યું

**પોસ્ટમોર્ટમ** રિપોર્ટ આવ્યા બાદ વધુ સ્પષ્ટતા થશે : પોલીસ

વલસાડ : કપરાડા તાલુકાના ઘોટવળ ગામના મૂળ ગામ ફળિયામાં રહેતી બે સંતાનની માતાએ કોઈ અગમ્ય કારણોસર કૂવામાં કૂદી આત્મહત્યા કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કમલબેન દિલીપભાઈ ભવર (ઉંવ.21)એ 1 એપ્રિલે વહેલી સવારે વહેલી સવારે કોઈ અગમ્ય કારણોસર કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસ તપાસમાં મહિલાને ત્રણ માસનો ગર્ભ હતો. ઘટનાના દિવસે ગોળી લીધા બાદ તબિયત બગડતા સહન ન થતાં કમળબેન ઘરેથી અચાનક નીકળી ઘર નજીકના સરકારી કૂવામાં કૂદી મોતને વહાલું કર્યું હતું. ઘરેથી નીકળી ગયા બાદ કમળાબેન ઘરે જોતા નહીં મળતા શોધખોળ બાદ કૂવામાં તેનો મૃતદેહ મળ્યો હતો. મૃતક મહિલાના પરિવારમાં 3 વર્ષનો પુત્ર અને દોઢ વર્ષની પુત્રી છે. પોલીસે જણાવ્યું કે, તમામ વિગતો તપાસી રહ્યા છીએ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ વધુ સ્પષ્ટતા થશે.

ઘટના અંગે મૃતકના પતિ દિલીપ સીતારામ ભવરએ કપરાડા પોલીસમાં ફરિયાદ આપી હતી. વધુ તપાસ પીએસઆઈ એલ.એસ.પટેલ કરી રહ્યા છે.

## ખેરગામમાં હઝરત ગૈબન શાહ બાબાનો ઉર્ષ શરીફ ઉજવાયો

ખેરગામ : ખેરગામમાં આવેલી હઝરત પીર ગૈબન શાહ બાબાનો સંદલ શરીફની ઉજવણી સૈયદ મહમૂદ બાબાની આગેવાનીમાં ઉજવવામાં આવી હતી. જેમાં દરગાહ કમિટીના આદિલ શેખ દ્વારા આયોજન કરાયુ હતું. આ પ્રસંગે મુસ્લિમ મહોલ્લાથી ઝુલુસ કાઢવામાં આવ્યું હતું, જે દરગાહ ઉપર પહોંચતા બાબાનો સંદલ ચઢાવવામાં આવ્યો હતો. રાતીબે રિફાઈ સાથે યુવાનોએ શરીર ઉપર તીક્ષ્ણ હથિયારો વડે ઝરબ કરી હતી. ઝુલુસ બાદ મગ્રીબની નમાઝ પછી ન્યાઝે આમ દાવતનું આયોજન કરાયું હતું. અયાઝ ભગત તેમજ અક્રમ શેખ દ્વારા સુંદર નાતો કસીદા અને મનકબત પઢાવવામાં આવ્યા હતા. અંતમાં દુવા ફરમાવવામાં આવી હતી.


## પ્રાર્થનાસભા-બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે મારા માતૃશ્રી નીલમબેન યોગેન્દ્ર પરીખનું દુઃખદ અવસાન તા.1-4-2025ને મંગળવારે થયું છે.

ઓમ શાંતિ

સદ્દગતની પ્રાર્થના સભા-બેસણું તા.6-4-2025ને રવિવારે બપોરે 3 થી 5 દરમ્યાન રાખવામાં આવ્યું છે.
સ્થળ : મતિયા પાટીદાર વાડી, કોર્ટ પાછળ, જુનાથાણા, નવસારી

સ્વ.નીલમબેન યોગેન્દ્ર પરીખ
સ્વ.તા.01-04-2025

લિ.
ડો. સમીર યોગેન્દ્રભાઈ પરીખ
રાગિણી સમીર પરીખ
સિદ્ધાર્થ પરીખ
ડો. ગોપી પરીખ - ડો. પાર્થ પરીખ

નિવાસ સ્થાન : 21એ, સરગમ, અલકા સોસાયટી, છાપરા રોડ, નવસારી. મો. 98795 27881


## સારવણીમાં બે બાઇક સામસામે અથડાતા એકનું મોત

ઘેજ : સારવણી ગામે બે બાઈક સામ સામે અકસ્માત સર્જાતા એકનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું.વાંસદાના પ્રતાપનગર મોટા ફળીયા હેતો ધવીન હિતેન્દ્રભાઇ પટેલ મંગળવારની રાત્રીના સમયે મિત્ર સ્મિત પટેલ સાથે સ્પેન્ડર જીજે-૨૧-બીજી-૪૩૯૪ લઇ જઈ રહ્યા હતા.દરમ્યાન સારવણી મોરા ડુંગરી ફળીયા પાસે પહોંચતા સામેથી એક પેશન મોટર સાયકલ નં જીજે-૨૧-એબી-૬૮૧૬ નો ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી અકસ્માત સર્જાતા ધવીન પટેલને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા જેનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલ મિત્ર સ્મિત પટેલને શરીરે ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# નવસારી મિથીલા નગરીમાં તીનપત્તીનો જુગાર રમતા 6 ઝડપાયા



નવસારી : નવસારી ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે નવસારી મીથીલા નગરીમાં તીનપત્તીનો જુગાર રમતા 6ને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, નવસારી ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી કે, નવસારી મીથીલા નગરી ભૂતનાથ મંદિર પાસે ઈંટના ભઠ્ઠાની આગળ કેટલાક ઈસમો ખુલ્લામાં બેસી પાનાનો હારજીતનો જુગાર રમે છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ છાપો મારી પાનાનો જુગાર રમતા 6ને ઝડપી પાડ્યા હતા. જેમાં નવસારી મીથીલા નગરી ગોહિલ સ્કુલ પહેલા રહેતા રાકેશભાઈ મકરધ્વજ નિષાદ, મીથીલા નગરી ગોહિલ હોસ્પિટલ પાસે રહેતા સંજયભાઈ રામાનંદ નિષાદ, વિરેનભાઈ ચંદ્રીકાભાઈ નિષાદ, ગૌતમભાઈ રાજેન્દ્રભાઈ નિષાદ, કમલેશભાઈ પ્રધુમન નિષાદ અને સુશીલ રામલખન ચૌહાણને ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડા 12,850 રૂપિયા, 24 હજાર રૂપિયાના 5 મોબાઈલ અને 1.25 લાખ રૂપિયાની 3 બાઈક મળી કુલ્લે 1,61,850 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં શાશ્વતી નવપદજીની ઓળીની આરાધના પ્રસંગે સૂરીભગવંતજીની પધરામણી



વલસાડ : દિક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરી મહારાજના શિષ્યરત્ન મૂનિરત્ન સૂરી મહારાજ તથા સાધ્વી પ્રમોદરેખાશ્રીજી આદી 25 સાધુ સાધવીજીનો શ્રી મહાવીર સ્વામી ભગવાનની પેઢી વલસાડ ખાતે શાશ્વતી નવપદજીની ઓળી આરાધના કરવા આજરોજ સામૈયા સહ પધરામણી થઇ છે. નવપદજી ઓળી દરમિયાન તા.4 એપ્રિલથી રોજ સવારે 8 થી 9 કલાકે નવપદજીના મહિમા તથા પ્રભાવ વિષે પ્રવચન થશે. શ્રી પાશ્વરાજાએ ઓળીની આરાધના કરી શાશ્વત સુખને પ્રાપ્ત કર્યું છે. સંઘમાં અનેક પુણ્શાળીઓ 1 સમય લુખુ સુખુ ખાઇને આયંબિલ તપમાં જોડાશે.

### ચલામાં પાણીની લાઈનમાંથી વધારાના કનેક્શન બાબતે બે પક્ષ વચ્ચે મારામારી

વાપી : વાપીના ચલામાં પાણી લાઈનમાંથી વધારાના કનેક્શન અને ખાડો ખોદવા બાબતે બે પક્ષો વચ્ચે છૂટ્ટા હાથની મારામારી થતા બંને પક્ષો દ્વારા વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વાપી ચલા, વચલુ ફળિયામાં રહેતા જતીન ઉર્ફે ગુડ્ડુ મહેશ પટેલ છરવાડામાં ચાઈનીઝની દુકાન ચલાવે છે. તેના મમ્મી સંગીતા બેન સવારે મંદિરે પૂજા કરી ઘરે આવ્યા ત્યારે ફળિયાના ભાકેશ પટેલ ફળિયામાંથી પસાર થયેલી નગરપાલિકાની પાણીની પાઈપ લાઈનમાંથી વધારાનું કનેક્શન લેતા હતા. ત્યારે સંગીતાબેને જણાવ્યું કે, વધારાનું કનેક્શન કેમ લો છો, વધારાના કનેક્શન લેવાથી અમને તથા ફળિયાના અન્ય લોકોને પૂરતુ પાણી મળતું નથી કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જે ઝઘડા થતાં જતીન પણ ત્યાં પહોંચતા ભાકેશનો ભાઈ રાકેશ, પુત્ર સોહમ તથા પત્ની જશોદાએ ત્યાં આવી પહોંચી મારા મારી કરી હતી. આ બનાવ અંગેની ફરિયાદ જતીન પટેલે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામા પક્ષે ભાકેશ પટેલ (રહે. મુકતાનંદ માર્ગ)એ ફરિયાદ નોંધાવી હતી કે, પાલિકાની પાણીની લાઈનમાંથી લીધેલા કનેક્શનમાં પાણી ઓછું આવતા ખાડો ખોદી કનેક્શન ચેક કરતા હતા, ત્યારે સંગીતાબેને અહીંયા શું કરો અને ખાડો કેમ ખોદે છો પૂછતા તેણે પાણી ઓછું આવતું હોય જે ચેક કરતો હોવાનું જણાવ્યું હતું. તે સમયે સંગીતાબેનનો છોકરો જતીને ત્યાં આવી મારા મારી કરી હતી.

### વલસાડમાં રામનવમીને લઈને ડીજે સંચાલકો સાથે પોલીસની બેઠક

વલસાડ : વલસાડ શહેરમાં આગામી સમયમાં રામનવમીની શોભાયાત્રા નીકળવાની હોય જેને લઈને વલસાડ સીટી પોલીસ મથકે ડીવાયએસ પી એ.કે.વર્મા, સીટી પીઆઈ દિનેશ પરમાર અને રૂલર પીઆઈ ભાવિક જીતિયાની ઉપસ્થિતિમાં ડીજે સંચાલકો સાથે મીટિંગનું આયોજન કરાયું હતું. જેમાં શોભાયાત્રા રૂટ અને સ્વાગત વ્યવસ્થા અંગે વિગતવાર માર્ગદર્શન અપાયું હતું. ડીજે સંચાલકોને ડીજે ઉપર શોભાયાત્રા નીકળે એ દરમિયાન રામભક્તિના ગીતો વગાડીને શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવશે. પોલીસે ડીજે સંચાલકોને માત્ર ભક્તિમય ગીતો અને રામજન્મ મહોત્સવને અનુરૂપ ગીતો જ વગડવાની સૂચના આપી છે. સાઉન્ડ મર્યાદામાં તથા સાઇલેન્ટ ઝોન સહિતની તમામ નિયમન ચુસ્ત પણે પાલન કરવા માટે પણ સ્પષ્ટતા સૂચના આપવામાં આવી હતી. શાંતિપૂર્ણ વાતાવરણમાં રામનવમીની ઉજવણી થાય તે માટે પોલીસ તંત્ર સજ્જ તૈયારી દર્શાવી રહ્યો છે.

### રેંટલાવમાં ઘરના કંપાઉન્ડમાંથી રૂપિયા 3 લાખનો ડીજેનો સામાન ચોરી ગયાની દંપતી વિરુદ્ધ ફરિયાદ

પારડી : પારડીના રેંટલાવ ખાતે ઘરના કમ્પાઉન્ડમાં મુકેલો ડીજેનો રૂપિયા 3 લાખનો સામાન ચોરી થતા દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. પારડી તાલુકાના ગામે રહેતા ભાવનાબેન દિવ્યેશભાઈ પટેલ 4 ડિસેમ્બર 2024ના રોજ ઓરવાડ ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા. પતિ દિવ્યેશ સેલવાસ કામાર્થે ગયા હતા. તેઓ રાત્રિના આવીને જોતા ઘરના કમ્પાઉન્ડના પાર્કિંગમાં ડીજે સાઉન્ડનો સામાન મુકેલો હતો. જેમાં મોટા અને નાના સ્પીકર મળી 12 નંગ સ્પીકર જેની કિં. રૂપિયા 3 લાખની ચોરી થયાની જાણ થઈ હતી. આ સમગ્ર મામલે ફરિયાદી ભાવનાબેન પટેલે પારડી પોલીસ મથકે આજરોજ પૂજા કલ્પેશ પટેલ અને કલ્પેશ જગુ પટેલ (બંને રહે ઓરવાડ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

### મંદિર ગામથી હાંસાપોર રોડ પર કાર અડફેટે વૃદ્ધનું મોત

નવસારી : મંદિર ગામથી હાંસાપોર રોડ પર કાર અડફેટે વૃદ્ધનું મોત નીપજ્યાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો છે. મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના હાંસાપોર ગામે નવા ફળિયા તળાવ પાસે શાંતિલાલભાઈ ઝીણાભાઈ ટંડેલ (ઉ.વ. 76) તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત 31મી માર્ચે શાંતિલાલભાઈ રોજીંદાક્રમ મુજબ હાંસાપોરથી મંદિર ગામ ભુતમામાના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. ત્યાંથી શાંતિલાલભાઈ પરત ચાલતા-ચાલતા ઘરે જઈ રહ્યા હતા. ત્યારે સફેદ રંગની ટોયોટા ઈટીયોસ (નં. જીજે-05-જેબી-5656) ના અજાણ્યા ચાલકે શાંતિલાલભાઈને ટક્કર મારતા તેમને શરીરે અને માથાના ભાગે ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે મંદિર ગામ સી.એસ.સી. સેન્ટર ખાતે ખસેડ્યા હતા. જ્યાં તેમને વધુ સારવારની જરૂરિયાત જણાતા પરિવારજનોએ નવસારીની ખાનગી હોસ્પિટલમાં રીફર કર્યા હતા. પરંતુ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકની પુત્રી નયનાબેને જલાલપોર પોલીસ મથકે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. આર.એન. વસાવાએ હાથ ધરી છે.


## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લો નવસારી તાલુકો જલાલપોર ના મોજે મીરજાપોર ગામ ના ખાતા નં. ૧૬૫, બ્લોક સરવે નં. નવો ૪૧૮ જુનો ૩૮૧ વાળી ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૯-૫૪ ચો.મી. આકાર ૮.૩૫, વાળી ખેતીની જમીન તેના હાલના માલીક ૧) વાલીબેન દયાળભાઈ પટેલ, ૨) વલ્લભભાઈ દયાળભાઈ પટેલ, ૩) સવિતાબેન દયાળભાઈ પટેલ, તે બાલુભાઈ ગાંડાભાઈ પટેલની પત્ની, ૪) સુરેશભાઈ દયાળભાઈ પટેલ, ૫) ઝવેરભાઈ દયાળભાઈ પટેલ, ૬) વનિતાબેન દયાળભાઈ પટેલ તે રમેશભાઈ જેરામભાઈ પટેલની પત્નીનાઓએ પોતાની સંયુક્ત માલકી, કબજા, ભોગવટા, વહીવટમાં તથા ચોખ્ખા ટાઈટલ વાળી હોવાનું જણાવી સદર મીલકત હમારા અસીલને વેચાણથી આપેલ છે. જેથી ઉપરોક્ત મીલકતમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, હીત-સબંધ વિગરે હકકો હોય તે અન્ય પ્રકારના સમજુતી રૂએ ના હકક, લખાણો, લેણું કે કલેઈમ હોય કે ખોરાકી પોષાકીના હકકો હોય તો તેઓએ જરૂરી કાયદેસરના દસ્તાવેજી પુરાવાઓ સહિત નોટીસ જાહેર થયાના દિન-૭ માં સંપર્ક કરવો.

ઉપર જણાવેલ મુદત વિત્યેથી કોઈપણ પ્રકારનો વાંધો નથી અથવા જતો કરેલ છે તેમ માની હમારા અસીલ સદર મીલકતના પાકા લખાણો/રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તેમની તરફેણમાં કરાવી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ, કે અટકાયત ચાલશે નહીં અને રદબાતલ ગણાશે તેની આથી જાહેર નોંધ લેવી.

તા. ૦૨-૦૪-૨૦૨૫ — હરેશકુમાર વી. નસીત (એડવોકેટ)

શિવનગર સોસાયટી, ગૌરીશંકર મહોલ્લો, જલાલપોર રોડ, નવસારી. મો.: 97734 00130